# વસતી ગણતરી ડિજિટલ ગવર્નન્સમાં નવા માપદંડ સ્થાપિત કરશે : દાસ

**પ્રથમ** તબક્કાની તૈયારીઓ શરૂ, ગુજરાત, દાનહ તથા દમણ-દીવના પ્રિન્સિપલ સેન્સસ અધિકારીઓની મહત્ત્વની બેઠક યોજાઈ

ગાંધીનગરઃ ભારતની વસતી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગાંધીનગર ખાતે ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક યોજાઈ હતી. મુખ્ય સચિવ એમ.કે. દાસના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં વસતી ગણતરીને ચોકસાઈ, પારદર્શિતા અને ડિજિટલ ગવર્નન્સના બેન્ચમાર્ક તરીકે સ્થાપિત કરવાની દિશામાં ચર્ચા થઈ હતી.

મુખ્ય સચિવ એમ કે દાસે જણાવ્યું હતું કે વસતી ગણતરી દેશનો સૌથી મોટો અને મહત્વપૂર્ણ વહીવટી કાર્યક્રમ છે. વર્ષ ૨૦૨૭ની ગણતરી દરેક નીતિ-નિર્ણય અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે પાયારૂપ બનશે. શહેરી વિસ્તારોમાં ઝડપથી વધતી વસતીને ધ્યાનમાં રાખીને વિકાસલક્ષી આયોજન માટે આ આંકડાઓ અત્યંત મહત્વના સાબિત થશે. અગાઉ ૩થી ૪ વર્ષ લાગતી આ પ્રક્રિયા ડિજિટલ સાધનોના વ્યાપક ઉપયોગથી વધુ ઝડપી અને કાર્યક્ષમ બનશે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે દેશમાં પ્રથમ સમકાલીન વસતી ગણતરી ૧૮૮૧માં યોજાઈ હતી અને ત્યારથી ૨૦૧૧ સુધી દર દસ વર્ષે નિયમિત રીતે આ પ્રક્રિયા હાથ ધરાય છે. તેમણે જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને આ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો.

ગુજરાતના વસતી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે વસતી ગણતરી વિશ્વની સૌથી મોટી અને જટિલ વહીવટી કામગીરીઓમાંની એક છે, જે સંસાધનોની ફાળવણી, શહેરી આયોજન અને કલ્યાણ યોજનાઓ માટે આધારરૂપ છે. ૨૦૨૭ની ગણતરી ડેટા આધારિત અને ટેક્નોલોજી સુસજ્જ શાસનના યુગમાં વધુ મહત્વ ધરાવે છે.

રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતી ગણતરી-૨૦૨૭ સફળતાપૂર્વક પૂર્ણ કરવા પ્રતિબદ્ધ હોવાનું મુખ્ય સચિવે જણાવ્યું હતું.

### વસતી ગણતરી બે તબક્કામાં યોજાશે

સરકારના નિયત કાર્યક્રમ મુજબ ૨૦૨૭ની વસતી ગણતરી બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં ઘર યાદી અને આવાસ ગણતરી (House Listing & Housing Census) હાથ ધરાશે, જ્યારે બીજા તબક્કામાં વસતી ગણતરી (Population Enumeration) થશે. ગુજરાતમાં HLO તબક્કાની કામગીરી એપ્રિલ-મે ૨૦૨૬ દરમિયાન શરૂ થશે, જેમાં નાગરિકોને ઓનલાઈન સ્વ-માહિતી નોંધાવવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

### પ્રથમ વખત ડિજિટલ સ્વ-ગણતરીની નવી પહેલ

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે આ વખતે ટેક્નોલોજી આધારિત અનેક નવી પહેલો અમલમાં મૂકાશે. પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં ડિજિટલ સ્વ-ગણતરી (Self-Enumeration)ની સુવિધા ઉપલબ્ધ કરાશે, જેથી નાગરિકોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત થઈ શકે અને વાસ્તવિક સમયમાં પારદર્શિતા વધે.

## ભાવનગર-મુંબઈ દૈનિક બે ફ્લાઈટ ૨૯ માર્ચથી પુનઃ શરૂ થશે

ગાંધીનગર : ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વના એવા ભાવનગર ખાતેથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ ટેકનિકલ કારણોસર છેલ્લા ઘણા સમયથી બંધ હતી. સ્થાનિક લોકોની માંગણી અને લાગણીને ધ્યાને લઈને.આગામી તા.૨૯ માર્ચથી ભાવનગર થી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ પુનઃશરૂ થશે. જેનું આવતીકાલ તા.૨૫મી ફેબ્રુઆરીથી બુકીંગ શરૂ થશે. ભાવનગર શહેરમાં ઉડાન યોજનાનો સમયગાળો પૂર્ણ થતાં બંધ થયેલી હવાઈ સેવાઓ ફરી શરૂ થવા જઈ રહી છે, જે અંતર્ગત ભાવનગરને મુંબઈ સાથેની સીધી એર કનેક્ટિવિટી પુનઃ પ્રાપ્ત થશે. ઇન્ડિગો એર લાઇન્સ દ્વારા ૨૯ માર્ચ ૨૦૨૬થી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઇટ (ATR વિમાન) શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના માટે ૨૫ ફેબ્રુઆરીથી ટિકિટનું બુકિંગ શરૂ કરવામાં આવશે. ભાવનગરથી નવી મુંબઈ સવારે 8.35 વાગે અને સાંજે 20.50 વાગે ઉપડશે.

# ગુજરાત સરકારનો લગ્નની નોંધણી માટેનો સૂચિત કાયદો બંધારણથી વિરુદ્ધ છે

કોઈ પણ પુખ્ત વયના સ્ત્રી-પુરુષ પોતાની જિંદગીનો નિર્ણય પોતાની રીતે કરવા સ્વતંત્ર હોય છે, પણ ગુજરાત સરકાર હવે તેમાં હસ્તક્ષેપ કરવા માંગે છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત વિધાનસભામાં લગ્ન નોંધણી કાયદા અંગે જાહેરાત કરી છે, જે મુજબ રાજ્ય સરકાર ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬માં સુધારો કરવા જઈ રહી છે. હવે લગ્ન નોંધણી દરમિયાન માતાપિતાને જાણ કરવામાં આવશે અને આ માટે એક અલગ પોર્ટલ પણ બનાવવામાં આવશે. આ નવા નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી આગામી ૩૦ દિવસ માટે વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. ત્યારબાદ, બંધારણીય મર્યાદામાં યોગ્ય સૂચનો ધ્યાનમાં લઈને આ નિયમોનો અમલ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે. લગ્ન નોંધણીમાં કથિત છેતરપિંડી અટકાવવા માટે લાવવામાં આવેલા આ સુધારાઓ અંગે નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક ખામીઓને કારણે તેનો દુરુપયોગ થઈ રહ્યો છે.




કાયદાકીય નિષ્ણાતો માને છે કે આ સુધારો જીવનના મૂળભૂત અધિકાર માટે ખતરો છે. સમાજશાસ્ત્રી ગૌરાંગ જાનીએ કહ્યું કે આવી બાબતો સમાજને ૧૮મી સદીના રૂઢિચુસ્ત સમાજમાં પાછો લઈ જાય છે. આ કેસ લોકશાહીની વિરુદ્ધ છે. દેશના ખાસ લગ્ન કાયદા મુજબ, ૧૮ વર્ષની છોકરી અને ૨૧ વર્ષનો છોકરો ગમે ત્યાં ઈચ્છે લગ્ન કરી શકે છે. રાજ્ય દખલ કરી શકતું નથી. આવા કાયદા વ્યક્તિગત સ્વતંત્રતા માટે ખતરો છે. કોઈપણ લોકશાહી દેશમાં, પ્રેમ લગ્ન માટે માતાપિતાની સંમતિનો કોઈ પ્રશ્ન જ નથી. બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી કે જે લગ્ન સમયે માતાપિતાની પરવાનગી લેવી ફરજિયાત બનાવે. હકીકતમાં, માતાપિતાઓએ પણ આવા કાયદાઓનો વિરોધ કરવો જોઈએ. હાલમાં સમાજ બદલાઈ રહ્યો છે, આંતરજાતિય લગ્નો થઈ રહ્યા છે. રૂઢિચુસ્ત લોકો દ્વારા આનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આવા કાયદા તે રૂઢિચુસ્ત લોકોની માનસિકતાને પ્રોત્સાહન આપવા માટે છે. આ સંપૂર્ણપણે રાજકીય ચાલ છે. ફેમિલી કોર્ટના વકીલ ચેતન પંડ્યાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા આ નિર્ણય હજુ સુધી અમલમાં મૂકવામાં આવ્યો નથી. નાગરિકોના વાંધાઓ માટે તેને આગામી ૩૦ દિવસ માટે ખુલ્લું રાખવામાં આવ્યું છે, તેથી કોઈપણ નાગરિક કે નેતા જેને કોઈ વાંધો હોય તે આ કાયદા અંગે વાંધો ઉઠાવી શકે છે. લગ્ન નોંધણી નિષ્ણાત વકીલ પરેશ મોદીએ જણાવ્યું કે ભારતીય બંધારણ વ્યવહારીક રીતે લગ્ન માટે માતાપિતાની સંમતિની જરૂરિયાતને માન્યતા આપતું નથી. આનાથી બાળકો પર સંપૂર્ણ નિયંત્રણ માતાપિતાના હાથમાં રહે છે. જો દંપતીના માતાપિતા ન હોય અથવા માતાપિતા છૂટાછેડા જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોય, તો પ્રશ્ન એ ઊભો થાય છે કે આ નિર્ણય કોણ લેશે. બંધારણનો કોઈ પણ લેખ માતાપિતાની સંમતિ જેવી બાબતોને સમર્થન આપતો નથી. જો તે લાગુ કરવામાં આવે તો પણ લોકો તેને હાઇકોર્ટમાં પડકારી શકે છે. હિન્દુ લગ્ન અધિનિયમ મુજબ, લગ્ન કરાવતા પૂજારી દ્વારા એક સોગંદનામું, કન્યા અને વરરાજાના જન્મ પ્રમાણપત્રો અને સરનામાંનો પુરાવો દર્શાવતું શાળા છોડવાનું પ્રમાણપત્ર સબમિટ કરવામાં આવે છે. આ પછી, નોંધણી થાય છે અને હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ તેની પુષ્ટિ થાય છે.

ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ પીયૂષ જાદુગરે જણાવ્યું હતું કે હિન્દુ લગ્ન નોંધણી અધિનિયમ હેઠળ કંકોત્રી છાપવી, સપ્તપદીની વિધિ, મંગળસૂત્ર પહેરવું, વરરાજા અને કન્યાનો ફોટો રજૂ કરવો ફરજિયાત છે. લગ્ન કરાવનાર પૂજારીના સોગંદનામા પર સહી કર્યા પછી જ લગ્ન નોંધણી કરવામાં આવે છે. આ પ્રક્રિયા તેમના માટે સૌથી વધુ ઉપયોગી છે, જેઓ ભાગી જઈને લગ્ન કરી રહ્યા છે. સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ, જો કોઈ છોકરો અને છોકરી જિલ્લા સ્તરે લગ્ન કરવા માંગતા હોય, તો તેઓ રજિસ્ટ્રારને અરજી કરે છે. પછી તેઓ રજિસ્ટ્રાર ઓફિસની બહાર એક નોટિસ લગાવે છે અને કોઈ વાંધો ઉઠાવે તેની ૩૦ દિવસ રાહ જુએ છે. જો કોઈ વાંધો ન ઉઠાવે, તો લગ્ન વિધિવત્ રીતે પૂર્ણ થાય છે. જોકે, ફક્ત તે જ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવે છે જેમાં દંપતી એક જ ગોત્રનું ન હોય એટલે કે એક જ ગોત્રનું હોય અને તેમાંથી એક સગીર ન હોય. જો તેઓ સગીર ન હોય, તો લગ્ન થઈ શકે છે. તેથી, રજિસ્ટ્રાર આ માપદંડો સિવાયના કોઈપણ કારણોસર લગ્ન નોંધણી કરાવવાનો ઇનકાર કરી શકતા નથી. રજિસ્ટ્રારને ફક્ત એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે છોકરી ૧૮ વર્ષની છે અને છોકરો ૨૧ વર્ષનો છે અને તેઓ ભાઈ-બહેન નથી. રજિસ્ટ્રાર કાયદેસર રીતે લગ્ન નોંધણી કરાવવા માટે બંધાયેલા છે, ભલે માતાપિતા તે ઇચ્છતા ન હોય. સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ, જ્યારે બે અલગ અલગ ધર્મના લોકો લગ્ન કરે છે, ત્યારે કોઈપણ વાંધો ઉઠાવવા માટે ૩૦ દિવસનો સમયગાળો હોય છે.

નવો કાયદો દીકરીઓના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

સમાજશાસ્ત્રી રમેશ સવાણી તેમની ફેસબુકની પોસ્ટમાં લખે છે કે હવે કાનજી અને જીવી મળેલા જીવ નહીં બની શકે. 'મળેલા જીવ'નવલકથા પન્નાલાલ પટેલે લખી છે. આ નવલકથા કાનજી અને જીવીની પ્રણયકથા છે. ગામડાંમાં રહેતા અને ભિન્ન જ્ઞાતિમાં જન્મેલા બે યુવાન પાત્રો પટેલ કાનજી અને વાળંદ જીવી જન્માષ્ટમી પ્રસંગે કાવડિયા ગામના ડૂંગરની નેળમાં ભરાયેલા મેળામાં આકસ્મિક રીતે ભેગા થાય છે અને પ્રથમ મુલાકાતે જ એકબીજાના પ્રેમમાં પડે છે, પરંતુ એ બંનેના લગ્નમાં જ્ઞાતિભેદ અવરોધરૂપ થાય છે. પોતાના મિત્ર હિરાની પ્રયુક્તિથી પ્રેરાઈને અને પોતાની પ્રેમીકા જીવી પોતાની નજર આગળ રહે એ હેતુથી, કાનજી જીવીને પોતાના ગામના કદરૂપા ધૂળા સાથે પરણાવે છે. કાનજીને આપેલાં વચનથી બંધાઈને અને કાનજી પ્રત્યેની લાગણીથી દોરવાઈને જીવી આ સંબંધ કબૂલે છે, પણ એણે વહેમી પતિની મારઝૂડ વેઠવાનો વારો આવે છે. કાનજી નૈતિક સચ્ચાઈથી આત્મસંયમ જાળવે છે પણ જીવીનું દુઃખ જોઈ ન શકતાં ગામ છોડીને નોકરીની શોધમાં શહેર ચાલ્યો જાય છે. બીજી તરફ, વહેમી પતિ તરફનો શારીરિક અને માનસિક ત્રાસ સહન ન થતાં જીવી રોટલામાં ઝેર ભેળવીને આત્મહત્યાનો પ્રયાસ કરે છે, પરંતુ અજાણતાં એ રોટલો ધૂળો ખાઈ જાય છે અને જીવી વિધવા બને છે. આ બનાવથી જીવી લોકનિંદાનો ભોગ બને છે અને કાનજી પણ એના પર વહેમાય છે, આથી આઘાતથી શોકમગ્ન જીવી માનસિક સમતુલા ગુમાવી બેસે છે. છેવટે કાનજી શહેરથી આવે છે અને જીવીને પોતાની સાથે લઈ જાય છે.

સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં પ્રેક્ટિસ કરતાં વકીલ વિજય મકવાણા કહે છે કે જો માતાપિતાની પરવાનગી લેવાની વાત આવે છે, તો પ્રેમ લગ્નો બંધ થઈ જશે. જો આ કાયદો પસાર થઈ જાય, તો પણ તે બંધારણ મુજબ ટકશે નહીં, કારણ કે જ્યારે લગ્ન વ્યક્તિગત નિર્ણય હોય છે, ત્યારે કોઈ બીજાની પરવાનગીની જરૂર હોય તેવી કોઈપણ જોગવાઈ વ્યક્તિગત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. જો ગુજરાતમાં કાયદો બનશે તો યુગલ ગુજરાત રાજ્યની બહાર લગ્ન કરશે અને તેનું રજીસ્ટ્રેશન કરાવશે. આ નવા કાયદાઓનો ઉપયોગ રાજકારણીઓ દીકરીઓના અધિકારોનું ઉલ્લંઘન કરવા અને આ રૂઢિચુસ્ત માનસિકતાને પ્રોત્સાહન આપવા માટે કરી રહ્યા છે. આવા કાયદાઓ દીકરીઓ પર માલિકીનો દાવો કરવા જેવી ભેદભાવપૂર્ણ નીતિઓને પ્રોત્સાહન આપે છે. આ સ્પષ્ટપણે મહિલાઓને નિયંત્રિત કરવાનો મામલો છે. આ રાજકારણીઓ ફક્ત મત મેળવવા માટે મહિલાઓના અધિકારોનો નાશ કરી રહ્યા છે. જો આ નિયમો લાગુ કરવામાં આવે તો લોકો લગ્ન કરીને પતિ-પત્ની તરીકે રહેવાને બદલે લિવ-ઇન રિલેશનશિપમાં રહેવાનું પસંદ કરશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

દૃષ્ટિ પોઇન્ટ ■ સમકિત શાહ ■

**કાયદાકીય નિષ્ણાતો માને છે કે આ સુધારો જીવનના મૂળભૂત અધિકાર માટે ખતરો છે. આવી બાબતો સમાજને ૧૮મી સદીના રૂઢિચુસ્ત વાતાવરણમાં પાછો લઈ જાય છે**

## MD,MS, Diplomaમાં સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં 184 વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે અનુસ્નાતક કક્ષાના MD-MS- Diploma કોર્સમાં પ્રવેશ માટે સ્ટ્રે વેકેન્સી રાઉન્ડની ચોઇસ ફિલિંગ પ્રક્રિયા પૂર્ણ થતાં 184 વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. મેરિટ યાદીમાં કુલ 1654 વિદ્યાર્થીનો સમાવેશ થયો હતો, જેમાંથી 874 વિદ્યાર્થીએ ચોઈસ ભરી હતી. કુલ 232 બેઠકમાંથી 184 બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યો છે, જ્યારે 48 બેઠક ખાલી રહી છે. ઓનલાઇન ટ્યુશન ફી ચૂકવણી 27મી ફેબ્રુઆરી 2026 બપોર સુધી ભરી શકાશે. જ્યારે હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ આવતીકાલ 25મીથી 28મી ફેબ્રુઆરી 2026 બપોરે 12:00 વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે.

# ઓનલાઈન ઠગાઈ કેસમાં બેંક કર્મચારી સહિત પાંચ ઝડપાયા

**શેરમાં** રોકાણની રકમ બેંકમાં જમા થયા પછી મોબાઇલ નંબર અને ઇ-મેઇલ બદલી નાંખતા હતાં

**સ્વીપ** એફડી બનાવી રકમ સોનામાં રૂપાંતરિત કરનાર સુરતમાંથી પણ બેની ધરપકડ

અમદાવાદ : શેર માર્કેટમાં વધુ નફાની લાલચ આપી સોશીયલ મિડીયા મારફતે રૂ. 1.54 કરોડની છેતરપિંડી આચરનાર ગેંગના બેક કર્મચારી સહિત 5 આરોપીઓની ધરપકડ કરી અમદાવાદ સાયબર ક્રાઈમએ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સાયબર ફ્રોડ કરતી ગેંગ દ્વારા વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં લિંક મોકલી રોકાણ કરાવી છેતરપીંડી આચરતી હતી. દેશમાં જુદા જુદા રાજ્યમાં 414 ફરિયાદો સામે આવી છે.

આ અંગે ફરિયાદીના જણાવ્યા મુજબ 15મી ડિસેમ્બર 2025થી 04થી ફેબ્રુઆરી 2026 દરમિયાન આરોપીઓએ નકલી એપ અને લિંક દ્વારા શેર તથા આઈપીઓમાં રોકાણ કરાવવાના બહાને અલગ-અલગ એકાઉન્ટમાં ટુકડે-ટુકડે રૂ. 1,54,00,000 જમા કરાવ્યા હતા. રકમ પરત ન મળતાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ ફરિયાદના આધારે તપાસ કરતાં ભાવનગર, સુરત અને અમદાવાદથી આરોપી હરેશ શામજીભાઈ મકવાણા (રહે. મૂળ ભાવનગર, હાલ સુરત), રાજુ માધુભાઈ મકવાણા (રહે. તળાજા, ભાવનગર), મહેશ રાજેશકુમાર તારાણી (રહે. સાબરમતી, અમદાવાદ), પૂજાબેન ફેડ્રીક પરીયત (રહે. ચાંદખેડા, અમદાવાદ) અને રેહના રિઘમ દરજી (રહે. ચાંદખેડા, મૂળ સુરત)ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ ફોન, લેપટોપ, ચેકબુક, એટીએમ કાર્ડ, સિમકાર્ડ સહિત રૂ. 1,07,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ધરપકડ કરાયેલા આરોપીની તપાસ કરતા ફ્રોડની રકમ બેંક એકાઉન્ટમાં જમા થયા બાદ મોબાઈલ અને ઈ-મેઈલ બદલવામાં આવતા હતા. ત્યારબાદ સ્વીપ એફડી બનાવી રકમ સોનામાં રૂપાંતરિત કરી અન્ય સાગરિત આરોપીઓને મોકલવામાં આવતી હતી. વધુ તપાસમાં 414 ફરિયાદો દેશના વિવિધ રાજ્યોમાંથી નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.

## BUSINESS મિત્ર

**કોઇપણ દેશ જે સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે રમત રમશે, તેને ખુબ જ ઉંચા ટેરિફ સાથે મળશેઃ ટ્રમ્પ**

# આઇટી શેરોમાં ભારે કડાકાના પગલે શેરબજારમાં તેજીને બ્રેક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** ભારતીય આઈટી કંપનીઓના શેરોમાં આજે જોરદાર કડાકાના કારણે બે દિવસની તેજીને બ્રેક વાગી હતી. ભારતીય શેરબજારમાં આજે આઈટી શેરોના કડાકાના પગલે નિફ્ટીમાં ઘટાડો જોવાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી દેશોને યુએસમાં નિકાસ કરેલા માલ પર ઉંચા ટેરિફની ધમકી આપ્યા પછી રોકાણકારોની ભાવના પર અસર થઈ હતી. દરમ્યાન એનએસઈ પર માસિક એફ એન્ડ ઓ કોન્ટ્રાક્ટની સમાપ્તિએ બજારની અસ્થિરતામાં વધારો કર્યો હતો. નિફ્ટી 25450 પોઈન્ટની સપાટી તોડીને નરમ બંધ રહ્યા હતા.

વૈશ્વિક બજારોના નબળા સંકેતો અને ફેબ્રુઆરી મહિનાની એકસપાયરીએ ભારે વેચવાલી જોવા મળી હતી, જેથી નિફ્ટીમાં આશરે 300 પોઈન્ટનો કડાકો બોલાયો હતો.

એઆઇ અને એન્થ્રોપિકની ચિંતા આઈટી શેરો પર પ્રભુત્વ ધરાવે છે. તેઓએ સતત પાંચમા દિવસે વેચાણ ચાલુ રાખ્યું આઈટી ઈન્ડેક્સ આજે પણ 5 ટકાથી વધુ ઘટ્યો છે. આઈટી બાદ રિયલ્ટી શેરોમાં સૌથી મોટી નબળાઇ જોવા મળી છે. બજારમાં રેન્ટિમેન્ટ ખરાબ છે. હમણા વેપાર કરવાનો કોઇ અર્થ નથી.

સેકટર વાઇઝ જોઈએ તો આઈટી, રિયલ્ટી અને મીડિયા શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મેટલ, ઓઇલ એન્ડ ગેસ અને ફાર્મા શેરોમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 1068.75 પોઈન્ટ એટલે કે 1.28 ટકા ઘટીને 82225.92 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 83079 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 82000 પોઈન્ટની સપાટી તોડીને 81934 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 288.35 પોઈન્ટ એટલે કે 1.12 ટકા ઘટીને 25424.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં 25641 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25327 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 216.95 પોઈન્ટ એટલે કે 0.35 ટકા ઘટીને 61047.30 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એજીસ લોજીસ્ટીક 90.11 ગણા, જીઇ વર્નોવા 11.18 ગણા, ફાઇન ઓર્ગેનીક્સ 8.57 ગણા, ફાઇન ઓર્ગેનીક 8.57 ગણા, જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક 5.9 ગણા અને એલઆઈસી હાઉસીંગ ફાઇ. 5.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એજીસ લોજીસ્ટીક 58.67 ગણા, જમ્મુ એન્ડ કાશ્મીર બેન્ક 13.43 ગણા, આર આર કેબલ 5.32 ગણા, સેન્ટ્રલ બેન્ક 4.53 ગણા, ડોમ્સ ઈન્ડિયા 4.24 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઘટાડો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.40 ટકા ઘટ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.76 ટકા ઘટાડો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1455 શેરો વધ્યા હતા, જ્યારે 2766 શેરો ઘટ્યા હતા અને 163 શેરો યથાવત રહ્યા હતા.

આઈટી શેરોમાં ભારે કડાકો બોલાયો હતો. જેમાં એલટીઆઇ માઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, પર્સિસ્ટન્ટ સીસ્ટમ, એચસીએલ ટેકનો, કોફોર્જ, એમફાસીસ, ટીસીએસ, ઈન્ફોસીસ, ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફ્ટવેર અને વિપ્રો ઘટ્યા હતા.

### ડોલરમાં ધીમો સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો નરમ બંધ રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો 6 પૈસા વધીને 90.95ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.89ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107, પાઉન્ડ 122.90, કેનેડિયન ડોલર66.38, ઓસ્ટ્રેલિયન ડોલર 63.66, જાપાનીઝ યેન 0.5832 અને સીંગાપોર ડોલર 71.61ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.95 રૂ. |
| યુરો | 107.00 રૂ. |
| પાઉન્ડ | 122.90 રૂ. |
| યેન | 0.5832 રૂ. |

વૈશ્વિક સ્તરે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના ટેરિફ પગલા પછી રોકાણકારોએ નવા વૈશ્વિક વેપાર લેન્ડસ્કેપનું મુલ્યાંકન કર્યુ હોવાથી યુરોપિયન શેરોમાં ઘટાડો થયો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી નવેસરથી ટેરિફની ધમકીઓ અને એઆઈ સોફ્ટવેર કંપનીઓને વિક્ષેપિત કરી શકે છે, તેવી ચિંતા હવાથી એશિયન બજારોમાં મિશ્ર વલણ જોવાયું હતું. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરીને વિશઅવના દેશોને ધમકી આપી હતી કે, કોઈપણ દેશ જે સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે રમત રમવા માગે છે તેને ખુબ જ ઉંચા ટેરિફ સાથે મળશે. આ ટિપ્પણીઓ સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક સત્તા અધિનિયમ હેઠળ લાગુ કરાયેલા ટેરિફને હટાવી દે છે. જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, તેઓ 1974ના ટ્રેડ એક્ટની કલમ 122 હેઠળ 15 ટકા વૈશ્વિક ટેરિફ લાદશે. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.06 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.01 ટકા અને ડેક્સ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.86 ટકા, તાઈવાન 2.67 ટકા, કોસ્પી 2.07 ટકા, શાંઘાઈ 0.86 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.39 ટકા, હોંગકોંગ 1.85 ટકા અને સ્ટ્રેઈટસ 0.41 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1068.74 | 82225.92 |
| નિફ્ટી | -288.35 | 25424.65 |
| બેન્ક નિફ્ટી | -216.95 | 61047.30 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 1.94 | 382.75 |
| કોલ ઇન્ડિયા | 1.16 | 430.95 |
| જએએસડબલ્યુ સ્ટીલ | 1.13 | 1254.50 |
| હિન્દાલ્કો | 0.73 | 922.85 |
| એચયુએલ | 0.56 | 2358.60 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 6.63 | 1345.40 |
| એચસીએલ ટેકનો | 6.10 | 1339.20 |
| ઇટર્નલ | 5.22 | 254.00 |
| ઇન્ફોસીસ | 3.92 | 1275.50 |
| ટીસીએસ | 3.83 | 2573.70 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 1.94 | 382.75 |
| એચયુએલ | 0.62 | 2359.30 |
| ટાટા સ્ટીલ | 0.53 | 209.15 |
| પાવરગ્રીડ | 0.49 | 304.85 |
| ટાઇટન કંપની | 0.24 | 4282.65 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 6.60 | 1346.55 |
| એચસીએલ ટેકનો | 6.10 | 1339.40 |
| ઇટર્નલ | 5.28 | 253.95 |
| ઇન્ફોસીસ | 3.91 | 1276.55 |
| ટીસીએસ | 3.79 | 2574.50 |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૬૩૦૦૦ |
| તેજાબી સોનું | ૧૬૨૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૮૫૦ |
| દાગીના-બીઆઈએસ હોલમાર્ક | ૧૫૯૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૩૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૬૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૮૧૦૦ |

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# છેલ્લા એક વર્ષમાં 75 ભારતીય આઇટી કંપનીઓની માર્કેટ વેલ્યુમાં 100 બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો

**શ્રીલંકાના** જીડીપી 98.96 અબજ ડોલર કરતાં વધુ ભારતીય આઇટી કંપનીની માર્કેટ કેપ ઘટી

મુંબઇ, તા. 24ઃ આઈટીસેક્ટરના શેરોમાં હાલ ભારે દબાણ જોવા મળી રહ્યું છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ આશરે 5 ટકા ઘટીને 30001.2 પર બંધ રહ્યો હતો. બ્રોકરેજ હાઉસ આને ત્રિમાસિક પરિણામોના નબળા પ્રતિસાદ તરીકે જોતા નથી. વાસ્તવિક ચિંતા એ છે કે એઆઈ આગામી વર્ષોમાં વ્યવસાયિક મોડેલો, માર્જિન અને સમગ્ર અર્થતંત્રને કેવી રીતે બદલી શકે છે.

જેફરીઝે મોટી આઈટી કંપનીઓ પર સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે અને સીએલએસએએ હાર્ડવેર ખર્ચમાં વધારાના જોખમની ચેતવણી આપી છે, ત્યારે જેપી મોર્ગન કહે છે કે આઈટી સેવાઓની માંગ એટલી સરળતાથી નબળી પડશે નહીં.

છેલ્લા એક વર્ષમાં 75 ભારતીય આઈટી કંપનીઓની કુલ માર્કેટ વેલ્યૂમાં 100 બિલિયન ડોલરથી વધુનો ઘટાડો થયો છે. આઈએમએફના જણાવ્યા અનુસાર, વેનેઝુએલાની 2026 જીડીપી 79.92 અબજ ડોલર હોવાનો અંદાજ છે. દરમિયાન, 2024 માટે શ્રીલંકાનો જીડીપી 98.96 અબજ ડોલર હતો.

75 લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ 30,32,473 કરોડ રૂપિયા હતું. 24મી ફેબ્રુઆરી 2025ના રોજ આ જ આંકડો 38,93,309 કરોડ રૂપિયા હતો, એટલે કે એક વર્ષમાં 8,60,836 કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. જેમાં આજના ઘટાડાને ઉમેરો તો કુલ ઘટાડો લગભગ 9,44,836 કરોડ રૂપિયા અથવા લગભગ 104 અબજ ડોલર થાય છે.

ટ્રિની રિસર્ચનો રિપોર્ટ - ધ 2028 ગ્લોબલ ઈન્ટેલિજન્સ ક્રાઈસિસ સામે આવ્યો ત્યારે ટેક સેક્ટરમાં અનિશ્ચિતતા વધુ વધી હતી. તેમાં, એઆઈને સંભવિત ટ્રિગર તરીકે વર્ણવવામાં આવ્યું છે, જે ફક્ત ટેક સેક્ટરની વાર્તા જ નહીં, સમગ્ર વૈશ્વિક સિસ્ટમને અસર કરે છે.

સિટ્રિની રિસર્ચે પણ જૂની ધારણા પર સવાલ ઉઠાવ્યા છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે ટેક્નોલોજી પહેલા નોકરીઓને દૂર કરે છે, પરંતુ પછીથી વધુ નવી નોકરીઓનું સર્જન પણ કરે છે. જેફરીઝના જણાવ્યા અનુસાર, એપ્લિકેશન મેનેજ્ડ સેવાઓ ઘણી કંપનીઓની આવકમાં 22થી 45 ટકા હિસ્સો ધરાવે છે. જો એઆઈ આ કાર્યના મોટા ભાગને સ્વચાલિત કરે છે, તો આ સેગમેન્ટમાં આવક ઘટી શકે છે.

# નાણાકીય કંપનીઓ વિચાર્યા વિના જોખમ લઇ રહી છે, 2008 જેવી કટોકટીના સંકેતો બતાવી રહી છેઃ જેપી મોર્ગન

**કેટલીક** કંપનીઓ વ્યાજની પાછળ દોડી રહી છે, જે ઘણું જોખમી સાબિત બની શકે

નવી દિલ્હી, તા. 24ઃ ડિમોને યુએસ અર્થતંત્ર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. એસેટના વધેલા ભાવો અને બેન્કિંગમાં તીવ્ર સ્પર્ધા તરફ ધ્યાન દોરતા તેમણે કહ્યું કે આ પરિસ્થિતિઓ 2008 પહેલાના યુગ જેવી જ છે. જેપી મોર્ગન ચેઝના સીઈઓ જેમી ડિમોને ચેતવણી આપી હતી કે કેટલીક નાણાકીય કંપનીઓ નફો વધારવા માટે ખોટા નિર્ણયો કરી રહી છે. તેમણે તેની સરખામણી 2008ની વૈશ્વિક નાણાકીય કટોકટી પહેલાના વર્ષો સાથે કરી હતી.

સોફ્ટવેર શેરોમાં તીવ્ર વૈશ્વિક વેચાણ વચ્ચે તેમણે આ વાત કહી હતી. કૃત્રિમ બુદ્ધિ પરંપરાગત વ્યવસાયિક મોડેલોને વિક્ષેપિત કરી શકે છે તેવા ડરને કારણે સોફ્ટવેર શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. સોમવારે આઈબીએમના શેરમાં 13.2 ટકાનો ઘટાડો થયો હતો. 2000 પછી આ સૌથી મોટો એક દિવસનો ઘટાડો હતો. એન્થ્રોપિકના ક્લાઉડ એઆઈ ટૂલ્સના અપડેટ્સથી રોકાણકારો બેચેન થઈ ગયા છે. એક સવાલના જવાબમાં ડિમોને કહ્યું કે હાલનું વાતાવરણ તેમને 2008ના સંકટ પહેલાના ત્રણ વર્ષની યાદ અપાવે છે. તે સમયે, એસેટના ભાવ આસમાને પહોંચી રહ્યા હતા અને સમગ્ર સિસ્ટમમાં લીવરેજ વધી રહ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સમયે પણ કેટલીક કંપનીઓ વ્યાજની પાછળ દોડી રહી છે, પછી ભલે તેમને ઘણું જોખમ લેવું પડે.

જ્યારે દરેક વ્યક્તિ પૈસા કમાઇ રહી છે અને દરેક વ્યક્તિ ખુશ છે, ત્યારે તમે છેતરપિંડી અનુભવો છો, ડિમોને કોઇ ચોક્કસ પેઢીનું નામ લીધા વિના જણાવ્યું હતું. આ સારા વાતાવરણની વચ્ચે, જ્યારે હું દરેક વસ્તુ વિશે વિચારૂં છું, ત્યારે મને લાગે છે કે સાવચેત રહેવાની જરૂર છે.